**અગ્રતા ક્રમ:** **૦૨**

**વિભાગ:** આદિજાતિ વિકાસ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:** ૧૫/૦૪/૨૩૪૩

વિધાનસભા ગૃહમાં જવાબ
આપવાની તારીખ: **૨૮/૦૨/૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભા**

**ચોથું સત્ર**

**પ્રશ્ન શિર્ષક: રબારી, ભરવાડ અને ચારણ જાતિના લોકોને જાતિના પ્રમાણપત્રો આપવા બાબત.**

**પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ તથા તેમનો મત વિસ્તાર: શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા)**

**રબારી, ભરવાડ અને ચારણ જાતિના લોકોને પ્રમાણપત્રો આપવા બાબત**

***15/4/2343: શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ જાતિના પરીવારોને તા.૨૬-૧૦-૫૬ ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા તા.૪/૮/૨૦૨૦ ના રોજ કમિટીની રચના કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા જી, |
| (૨) જો હા, તો ઉક્ત કમિટીની મુદત કેટલા સમયની છે, | (૨) તા.૦૪/૦૮/૨૦૨૦ ના ઠરાવથી કમિટીની મુદત ત્રણ માસ સુધીની હતી. ત્યારબાદ તા.૧૮/૧૧/૨૦૨૦, તા.૦૪/૦૫/૨૦૨૧, તા.૨૫/૧૧/૨૦૨૧, તા.૨૮/૦૪/૨૦૨૨, તા.૨૭/૦૯/૨૦૨૨, તા.૦૩/૦૨/૨૦૨૩, તા.૨૭/૦૬/૨૦૨૩ ના ઠરાવોથી અનુક્રમે કમિટીની મુદ્દત સમયાંતરે લંબાવવામાં આવેલ હતી. અંતે, તા.૦૧/૦૧/૨૦૨૪ ના ઠરાવથી કમિટીની મુદ્દત તા.૩૧/૦૩/૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કમિટીમાં સભ્યો કોણ છે, અને | (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કમિટીમાં નીચેના ૦૨ સભ્યો છે. જે હાલ કાર્યરત છે.<br>૧.શ્રી ડી.જી.કારીયા, નિવૃત હાઇકોર્ટ જજ, અધ્યક્ષશ્રી<br>૨.શ્રી સી.આર.સંગાડા, નિવૃત અધિક કલેક્ટરશ્રી, સભ્ય સચિવશ્રી, |
| (૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત કમિટીએ કેટલા કુટુંબો અને વારસદારો નક્કી કર્યા? | (૪) ઉક્ત કમિટીના અંતરિમ અહેવાલ મુજબ કુલ ૧૧૨૯ કુટુંબો અને તેના કુલ ૨૧૫૧૮ વારસદારો નક્કી કર્યા છે. |

---

**૦૨**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૨૩૪૩**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: ડૉ. જયરામભાઈ ગામીત (નિઝર)**

---

**પ્રશ્ન–૧** **શ્રી જસ્ટિસ કારીયા કમિટીની રચના કરવા માટેનો મૂળ હેતુ શું છે ?**

**જવાબ :**

ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ (માલધારી) જાતિના તા.૨૯/૧૦/૧૯૫૬ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા અંગેની બાબતે સરકારને કેટલીક રજૂઆતો વિવિધ મંડળો, સંસ્થાઓ, નાગરિકો વગેરે દ્વારા મળેલ રજૂઆતો અને રાજ્ય સરકારના સિનિયર મંત્રીઓ સાથે કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની ઉપસ્થિતીમાં સાચા આદિવાસી અધિકાર બચાવ સમિતિ સાથેના સમાધાનના મુદ્દાઓ ધ્યાને લઈ તેમના પ્રશ્નોના લાંબાગાળાના નિરાકરણની બાબત લક્ષમાં લઈ, નિર્ણાયક પરિણામ આવે તે હેતુથી સરકારશ્રીના આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૪/૦૮/૨૦૨૦ના ઠરાવથી શ્રી ડી.જી. કારીયા, માન. નિવૃત ન્યાયમૂર્તિશ્રી, હાઈકોર્ટના અધ્યક્ષપણા હેઠળ આ કમિટીની રચના કરવામાં આવેલ છે.

આ સમિતિની રચના કરવાનો મુખ્ય હેતુ ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ (માલધારી) જાતિના તા.૨૯/૧૦/૧૯૫૬ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો અંગે સમિતિ દ્વારા જરૂરી અભ્યાસ તેમજ સર્વેક્ષણ કરી આનુષાંગીક બાબતોની તપાસ પુરી કરી સમિતિના તારણો સાથે સરકારશ્રીને અહેવાલ સુપ્રત કરવો તે સમિતિની રચના કરવાનો મુખ્ય હેતુ છે.

ઉક્ત વિગતો ધ્યાને લેતા શ્રી જસ્ટિસ કારીયા કમિટી દ્વારા કરવાની થતી કામગીરીમાં મુખ્યત્વે ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા.૨૯/૧૦/૧૯૫૬ના મોડિફિકેશન ઓર્ડર મુજબ ગીર, બરડા અને આલેચના જંગલ વિસ્તારના નેસમાં વસતા રબારી, ભરવાડ અને ચારણ કે જેઓ તા.૨૯/૧૦/૧૯૫૬ની સ્થિતિએ વસવાટ કરતા

હોય તેવા વ્યક્તિઓની ઉપલબ્ધ સ્રોતોના આધારે મૂળ આદિજાતિના લોકોની ખરાઇ કરીને યાદી આખરી કરવાની તેમજ... ગીર, બરડા અને આલેચના જંગલ વિસ્તારના નેસમાં વસતા રબારી, ભરવાડ અને ચારણ લોકોને જે તે સમયની મુંબઇ રાજ્ય સરકાર, સૌરાષ્ટ્ર સરકાર કે પ્રવર્તમાન રાજ્ય સરકારના કોઈપણ યોજનાને કારણે કે મહેસૂલ અને વન વિભાગની કોઈપણ યોજનાને કારણે વિસ્થાપિત, પુન: સ્થાપન કરવાને કારણે તેઓના માન્ય સરકારી આધાર પુરાવાને આધારે તેઓના પેઢીનામા મુજબ કાયદેસરના લોહીનો સંબંધ ધરાવતા સીધી લીટીના વારસદાર નક્કી કરવાની કાર્યવાહી માટે સમિતિની રચના કરવામાં આવેલ છે.

**૦૨**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૨૩૪૩**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી દર્શનાબેન દેશમુખ (નાંદોદ)**

---

**પ્રશ્ન–૨** **શ્રી જસ્ટિસ કારીયા કમિટીની રચના કેટલા સમય માટે કરવામાં આવેલ હતી ? તેમજ તેનો કાર્યકાળ લંબાવવામાં આવેલ છે કે કેમ ? તેના કારણો**

**જવાબ :**

આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૪/૦૮/૨૦૨૦ ના ઠરાવથી આ વિષય બાબતે જરૂરી અભ્યાસ, સર્વેક્ષણ, આનુષાંગીક બાબતોની તપાસ વિગેરેની કામગીરી પૂર્ણ કરી કમિટીના તારણો અને ભલામણ સાથેનો અહેવાલ ત્રણ માસમાં પૂર્ણ કરી સરકારશ્રીને સુપ્રત કરવા ઠરાવેલ, પરંતુ, સદર કામગીરીની પ્રક્રિયા ચાલુ હોઈ વખતો વખત સરકારશ્રી તરફથી બે તબક્કામાં ઉદભવેલ કોરોનાની(કોવિડ–૧૯) પરિસ્થિતી તેમજ અલગ–અલગ વિસ્તારના આ સમુદાયના વિવિધ વર્ગોને પુરતી તક આપવા અને રૂબરૂ સાંભળવા, સ્થળ તપાસ કરવા વગેરે જેવી વિશાળ ફલકની કમગીરીને ધ્યાનમાં રાખી કમિટીની મુદ્દતમાં નીચે મુજબ વધારો કરવામાં આવેલ છે.

(૧) તા.૧૮/૧૧/૨૦૨૦ના ઠરાવથી સમિતિની મુદતમાં વધુ છ માસનો વધારો કરી તા.૦૪/૦૫/૨૦૨૧ સુધી લંબાવેલ હતી. ત્યારબાદ..

(૨) તા.૦૪/૦૫/૨૦૨૧ના ઠરાવથી સમિતિની મુદતમાં વધુ છ માસનો વધારો કરી તા.૦૪/૧૧/૨૦૨૧ સુધી લંબાવેલ હતી. ત્યારબાદ..

(૩) તા.૨૫/૧૧/૨૦૨૧ ના ઠરાવથી સમિતિની મુદતમાં વધુ છ માસનો વધારો કરી તા.૦૪/૦૫/૨૦૨૨ સુધી લંબાવેલ હતી. ત્યારબાદ..

(૪) તા.૨૮/૦૪/૨૦૨૨ ના ઠરાવથી સમિતિની મુદતમાં વધુ પાંચ માસનો વધારો કરી તા.૦૩/૧૦/૨૦૨૨ સુધી લંબાવેલ હતી. ત્યારબાદ..

(૫) તા.૨૭/૦૯/૨૦૨૨ ના ઠરાવથી સમિતિની મુદતમાં વધુ ચાર માસનો વધારો કરી તા.૦૩/૦૨/૨૦૨૩ સુધી લંબાવેલ હતી. ત્યારબાદ..

(૬) તા.૦૩/૦૨/૨૦૨૩ ના ઠરાવથી સમિતિની મુદતમાં વધુ ત્રણ માસનો વધારો કરી તા.૦૩/૦૫/૨૦૨૩ સુધી લંબાવેલ હતી. ત્યારબાદ..

(૭) તા.૦૩/૦૫/૨૦૨૩ ના ઠરાવથી સમિતિની મુદતમાં વધુ બે માસનો વધારો કરી તા.૩૦/૦૬/૨૦૨૩ સુધી લંબાવેલ હતી. ત્યારબાદ, તા.૨૭/૦૬/૨૦૨૩ના સુધારા ઠરાવથી સમિતિની મુદતમાં તા.૩૧/૧૨/૨૦૨૩ સુધી લંબાવેલ હતી. જે મુદતમાં વધારો નીચેની બે બાબતો ધ્યાને લઇ કરવામાં આવેલ.

“ (અ) ગીર, બરડા અને આલેચના નેસ વિસ્તારના રબારી, ભરવાડ અને ચારણ જાતિના ૦૨ હીયરીંગ પછી પણ બાકી રહેલા કોઈ અરજદાર હોય અને તેઓ ST પ્રમાણપત્ર માટે દાવેદાર હોય તો પુન: એક વખત પબ્લિક હીયરીંગ કરીને વર્તમાન પત્રમાં જાહેરાત આપીને આખરી તક આપવી.

(બ) અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્ર પૈકી ખોટા વ્યક્તિઓ તેનો લાભ ન લઈ જાય અને સાચા વ્યક્તિને તેનો લાભ મળે તે હેતુસર આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ વિભાગીય વિશ્લેષણ સમિતિઓ બનાવવામાં આવેલ છે. તેઓને ગીર, બરડા અને આલેચના નેસ વિસ્તારના રબારી, ભરવાડ અને ચારણ જાતિના પ્રમાણપત્રોની ચકાસણી વખતે કઈ મુખ્ય બાબતો ધ્યાનમાં રાખવી તેમજ જાતિ પ્રમાણપત્ર ઈસ્યુ કરવા મામલતદારશ્રીઓને તે અંગેના સૂચનો કમિશન દ્વારા કરવામાં આવે.”

(૮) તા.૦૧/૦૧/૨૦૨૪ ના ઠરાવથી સમિતિની મર્યાદિત મહેકમ સાથેની મુદત આગામી તા.૩૧/૦૩/૨૦૨૪ સુધી લંબાવેલ છે.

શ્રી કારીયા કમિટી દ્વારા તેઓનો આખરી અહેવાલ રજુ થવાનો બાકી હોઇ કામગીરીની જરુરીયાત અનુસાર સરકારશ્રી કક્ષાએથી જે તે સમયે યોગ્ય નિર્ણય કરવામાં આવશે.

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૨૩૪૩**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી અરવિંદભાઈ સી. પટેલ (ધરમપુર)**

---

**પ્રશ્ન–૩** **નવા કાયદા અને નિયમો મુજબ સાચા આદિવાસીઓને જાતિ પ્રમાણપત્ર સરળતાથી મળી રહે તે માટેની કાર્યરીતિ શું છે?**

**જવાબ :**

આદિવાસીઓને જાતિ પ્રમાણપત્ર સરળતાથી મળી રહે તે માટે ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઈ કરવાનું નિયમન કરવા) બાબત અધિનિયમ, ૨૦૧૮ ઘડવામાં આવેલ છે. તેમજ તેના આધારે ગુજરાત અનુસૂચિત આદિજાતિ(પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઈ કરવાનું નિયમન કરવા) બાબત નિયમો, ૨૦૨૦ બનાવવામાં આવેલ હતા. ગુજરાત અનુસૂચિત આદિજાતિ (પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઈ કરવાનું નિયમન કરવા) બાબત નિયમો, ૨૦૨૦ના પેટા નિયમ ૩(૩) મુજબ અનુસૂચિત આદિજાતિનું પ્રમાણપત્ર મેળવવા માટે અરજદારે પોતાની અરજી સાથે નીચેના દસ્તાવેજોની પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો રજૂ કરવાની રહેશે અને સક્ષમ સત્તાધિકારી હ્રારા માંગણી થયેથી, તેની અસલ નકલો રજૂ કરવાની રહેશે.

(ક) (૧) અરજદાર, તેના પિતા અથવા પિતૃપક્ષમાંથી વડીલ(વયસ્ક) સગાસંબંધીના સંબંધમાં, જન્મ રજિસ્ટારનો ઉતારો,

(૨) અરજદાર, તેના પિતા અથવા દાદા અથવા પરદાદાનો પ્રાથમિક શાળા પ્રવેશ રજિસ્ટરનો ઉતારો, જે કોઈપણ લાગુ પડતો હોય તે; અને

(૩) અરજદાર અને તેના પિતા અથવા દાદા અથવા પરદાદાનું પ્રાથમિક શાળાંત(શાળા છોડ્યાનું) પ્રમાણપત્ર, જે કોઈપણ લાગુ પડતું હોય તે;

(ખ) એવી અનુસૂચિત આદિજાતિના હુકમના જાહેરનામાની તારીખ પહેલાંના અનુસૂચિત આદિજાતિ અને કાયમી રહેઠાણના સ્થળના સંબંધમાં દસ્તાવેજી પુરાવો;

(ગ) સરકારી અથવા અન્ય કોઇ સેવામાં હોય તેવા અરજદારના પિતા અથવા દાદા અથવા પરદાદા અથવા લોહીનું સગપણ ધરાવતા સગાસંબંધીઓની આદિજાતિ જણાવતા સેવા રેકર્ડ(પોથી)નો ઉતારો;

(ઘ) ચકાસણી સમિતિએ આપેલું, અરજદારના પિતા અથવા સગા કાકા અથવા પિતૃપક્ષમાંથી બીજા કોઇ વડીલ (વયસ્ક) સગાસંબંધીનું માન્યતા પ્રમાણપત્ર, કોઈ હોય, તો તે;

(ચ) મહેસૂલ રેકર્ડ અથવા ગ્રામ પંચાયતનું રેકર્ડ, કોઇ હોય તો, તે; અને

વધુમાં ગુજરાત અનુસૂચિત આદિજાતિ (પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત નિયમો, ૨૦૨૦ના પેટા નિયમ ૩(૪) મુજબ અરજદાર, ખંડો (ક) થી (ચ) માં જણાવેલ કોઇ એક અથવા વધારે દસ્તાવેજો રજૂ કરી શકે નહી તેવા કિસ્સામાં, અરજદારે પોતાના સોગંદનામામાં તે અંગેના કારણો જણાવવા જોઇશે અને સક્ષમ સત્તાધિકારી તે અંગે વિચારણા કરી શકશે અને તેણે પોતાને યોગ્ય જણાય તેવી તપાસ ક્ર્યા પછી, ગુણદોષના આધારે દાવા અંગેનો નિર્ણય એ શરતે કરવો જોઇશે કે અરજદાર પાસે રાષ્ટ્રપતિનાં સંબંધિત હુકમમાં તેની આદિજાતિના જાહેરનામાની તારીખ પહેલા રહેઠાણનું કાયમી સરનામું હોય.

વધુમાં, છેલ્લા બે વર્ષમાં જાતિના પ્રમાણપત્ર ઝડપથી મળે તે માટે મંત્રીશ્રી કક્ષાએ મામલતદારોને તા..૨૨/૧૧/૨૦૨૧ ના રોજ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી તેમજ અને તા.૧૮/૦૫/૨૦૨૨ ના રોજ દ્વારકા સમિતિ ખંડ, સચિવાલય, ગાંધીનગર ખાતે કાર્યક્રમ કરી એકદિવસીય તાલીમ આપવામાં આવેલ હતી.

## પુરક પ્રશ્નો

**પ્રશ્નઃ– (૧) શ્રી જસ્ટિસ કારીયા કમિટી દ્વારા તેઓની તપાસ પૂર્ણ કરી સરકારશ્રીને કોઈ અહેવાલ રજુ કરેલ છે કેમ ? જો અહેવાલ રજુ કરેલ હોય તો તેમાં કેટલા કુટુંબોનો ક્યા વિસ્તારોમાં સર્વે કરેલ છે ?**

**જવાબઃ–** **શ્રી જસ્ટિસ કારીયા કમિટી દ્રારા રાજ્ય સરકારને તા.૨૦–૦૯–૨૦૨૩ ના રોજ રજૂ કરેલ છે. અંતરિમ અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જે મુજબ કુલ–૨૧૫૯ કુટુંબોનો સર્વે કરવામાં આવેલ છે. જે વિસ્તાર મુજબ કરાયેલ સર્વેની વિગત નીચે મુજબ છે.**

| **અ.નં.** | **વિસ્તાર** | **કુલ કુટુંબોની સંખ્યા** | **મંજૂર કુટુંબોની સંખ્યા** | **મંજૂર વારસદારોની સંખ્યા** | **નામંજૂર કુટુંબોની સંખ્યા** |
|---|---|---|---|---|---|
| ૧. | ગીર | ૬૬૮ | ૫૧૭ | ૯૧૫૬ | ૧૫૧ |
| ૨. | બરડો (રાણાવાવ)<br>ભાણવડ | ૩૦૬<br>૧૫૩ | ૧૭૫<br>૯૯ | ૫૧૦૨<br>૩૩૧૬ | ૧૩૧<br>૫૪ |
| ૩. | નેશ વિસ્તાર સિવાયના | ૯૩૯ | ૩૩૮ | ૩૯૪૪ | ૬૦૧ |
| ૪. | આલેચ | ૯૩ | ૦૦ | ૦૦ | ૯૩ |
| | **કુલ** | **૨૧૫૯** | **૧૧૨૯** | **૨૧૫૧૮** | **૧૦૩૦** |

**પ્રશ્નઃ– (૨) ગીર, બરડા અને આલેચના નેસ વિસ્તારના જંગલમાં વસવાટ કરતા રબારી, ભરવાડ અને ચારણ જાતિના લોકોના પ્રમાણપત્રોની ખરાઇ અને પ્રમાણપત્રો આપવાનું બંધ કર્યા પછી સરકાર આપવાનું શરૂ કરવા માંગે છે કે કેમ ? અને ક્યારે ?**

**જવાબઃ–** બનતી ત્વરાએ.

**પ્રશ્ન(૩): ગીર, બરડા અને આલેચ જંગલના નેસ વિસ્તારના રબારી, ભરવાડ અને ચારણને અનુ.જનજાતિની ચાદીમાં ક્યારથી સમાવેશ કર્યો છે ?**

**જવાબઃ–** ભારતના રાષ્ટ્રપતિના '' ધ શિડયુલ્ડ કાસ્ટસ એન્ડ શિડયુલ્ડ ટ્રાઇબ્ઝ લીસ્ટ મોડીફીકેશન ઓર્ડર ૧૯૫૬'' તા.૨૯/૧૦/૧૯૫૬ ના જાહેરનામાંથી શિડ્યુલ–૩ માં અનુ.જનજાતિની યાદીમાં ઉમેરો કરેલ છે તે મુજબ તત્કાલીન મુંબઇ રાજ્યની અનુ.જનજાતિની યાદીઓમાં સુધારો થયેલ છે જે અનુસાર હાલના ગુજરાત રાજ્યના વિસ્તારો પૈકી પેરા (૯) માં હાલાર, મધ્ય સૌરાષ્ટ્ર, ઝાલાવાડ, ગોહિલવાડ અને સોરઠ વિસ્તારના જંગલના નેસ વિસ્તારના "રબારી", "ભરવાડ" અને "ચારણ" , પેરા (૧૧) માં ઝાલાવાડ વિસ્તારના "પઢાર", પેરા (૧૨) માં કચ્છ જિલ્લાના "ભીલ", "ઢોડીયા", "કોળી", "પારઘી" અને "વાઘરી" ને ગુજરાતની અનુ.જનજાતિની યાદીમાં સમાવેશ કર્યો છે.

નોંધ:ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા (આદિજાતિ વિકાસ) વિભાગના તા.૦૫/૦૯/૨૦૦૩ ના હુકમથી ગુજરાતની અનુસૂચિત જનજાતિઓ બાબતે નીચે મુજબના સુધારા કરેલ છે.

- ઢોડીયા પછી ઢોંડી ઉમેરેલ છે.
- કોળી (કચ્છ જિલ્લામાં) રદ કરેલ છે.
- પારઘી (કચ્છ જીલ્લામાં) રદ કરેલ છે.
- સીદી પછી સીદી બાદશા ઉમેરેલ છે.
- વાઘરી (કચ્છ જિલ્લામાં) રદ કરેલ છે.

**પ્રશ્નઃ– (૪) ગીર, બરડા અને આલેચના રબારી, ભરવાડ અને ચારણને આદિજાતિની યાદીમાંથી રદ કરવા માટેની કોઇ રજુઆતો મળેલ છે કેમ ? તેમજ સરકારશ્રી દ્વારા આ બાબતે કોઇ દરખાસ્ત કરવામા આવેલ છે કે કેમ?**

**જવાબઃ–** હા જી, ગીર, બરડા અને આલેચના જંગલોની નેસોમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણને તા.૨૯/૧૦/૧૯૫૬ના પ્રેસિડન્સિયલ ઓર્ડરથી અનુ.જનજાતિના અપાયેલ દરજ્જા બાબતે આદિવાસી સમુદાયના માન. સંસદસભ્યશ્રીઓ, અને માન.ધારાસભ્યશ્રીઓ તેમજ આદિજાતિ સમુદાયના વિવિધ સંગઠનો તરફથી સરકારશ્રીને રજુઆતો મળેલ હતી. ઉક્ત મળેલ રજુઆતો પરત્વે અભ્યાસ કરીને આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર પાસેથી અહેવાલ મેળવવામાં આવેલ છે. તેમજ કમિશ્નર, આદિજાતિ વિકાસ, ગાંધીનગરના તા.૨૪/૦૮/૨૦૨૧ના પત્રથી આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર પાસેથી મળેલ અહેવાલ તેમજ દરખાસ્ત સરકારશ્રીને મોકલવામાં આવતા સરકારશ્રી દ્વારા તા. ૧૨–૦૭–૨૦૨૧ ના પત્રથી ભારત સરકારના અનુસુચિત જનજાતિને મોકલવામાં આવેલ હતી જે અન્વયે તા.૦૨/૦૮/૨૦૨૧ પત્રથી અનુસુચિત જનજાતિના ભારત સરકારના મંત્રાલયને મોકલવા માટે પરત કરવામાં આવેલ હતી. આમ વિભાગના તા. ૧૮–૦૧–૨૦૨૪ ના પત્રથી આદિજાતિ બાબતોના મંત્રાલય, ભારત સરકારને ગીર, બરડા અને આલેચના રબારી, ભરવાડ અને ચારણને આદિજાતિની યાદીમાંથી દૂર કરવા માટેની દરખાસ્ત કરેલ છે.

**પ્રશ્નઃ-(૫) સરકારશ્રીએ ગીર, બરડા અને આલેચના કેસો માટે શ્રી જસ્ટિસ કારીયા કમિટીની રચના કરતાં ઉક્ત વિસ્તારના રબારી, ભરવાડ અને ચારણના જાતિ પ્રમાણપત્રોની ખરાઈ વિશ્લેષણ સમિતિ દ્વારા કરવામાં આવે છે કે કેમ ? અને જો ખરાઈ કરવામાં આવતી ન હોય તો હાલની સ્થિતિએ જાતિ પ્રમાણપત્રની ખરાઈના કેટ્લા કેસો સમિતિ પાસે પડતર છે?**

**જવાબઃ-** ના જી. રાજ્ય સરકારના સિનિયર મંત્રીઓ સાથે કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની ઉપસ્થિતીમાં સાચા આદિવાસી અધિકાર બચાવ સમિતિ સાથેના સમાધાનના મુદ્દાઓ ધ્યાને લઈ કમિશ્નર(આ.વિ)ના તા.૨૫-૦૨-૨૦૨૦ના પત્રથી જયા સુધી ગીર બરડા આલેચના નેસમાં ૧૯૫૬ની સ્થિતિએ રહેતા સાચા લાભાર્થીઓ નક્કી ન થાય ત્યા સુધી અનુસુચિત જનજાતિના પ્રમાણપત્ર આપવાનુ સ્થગિત કરવામાં આવેલ છે. જેમા હાલની સ્થિતિએ આ વિસ્તારના રજૂ થયેલ જાતિ પ્રમાણપત્રો પૈકી ૧૦૧૬ કેસો પડતર છે.

**પ્રશ્નઃ– (૬) સમસ્ત આદિવાસી સમાજ દ્વારા સત્યાગ્રહ છાવણીમાં સમાધાનના મુદ્દા શું હતા ? અને સરકાર દરેક મુદ્દા અન્વયે શુ શુ પગલાં લીધા ?**

**જવાબઃ–** સમસ્ત આદિવાસી સમાજ દ્વારા સત્યાગ્રહ છાવણીમાં સમાધાનના મુદ્દા નીચે મુજબ હતા.

| **મુદ્દા** | **સમાધાનના મુદ્દા** | **સરકાર દ્વારા લીધેલ પગલાં** |
|---|---|---|
| ૧ | રબારી, ભરવાડ અને ચારણને અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્ર આપવા માટે મસવાડી પહોંચ અને વિગત દર્શક કાર્ડને પુરાવા તરીકે ગણેલ છે. જે તા.૨૧/૦૧/૨૦૧૦ ની અસરથી રદ કરીને વસ્તી ગણતરી અને મતદાર યાદીના આધારે પ્રમાણપત્ર આપવા અને પ્રવર્તમાન ચાલતી ચકાસણી કાર્યવાહીમાં પણ અમલ કરવો. | મસવાડી પહોંચ અને વિગતદર્શક કાર્ડ આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૧–૦૧–૨૦૧૦ ના ઠરાવમાં પુરાવા તરીકે ગણેલ છે. તેને સને ૧૯૫૬ મુજબના સાચા જાતિ પ્રમાણપત્રના લાભાર્થી નક્કી ન થાય ત્યાં સુધી સ્થગિત કરવામાં આવેલ છે. |
| ૨ | ગીર–બરડા અને આલેચના જંગલોના નેસમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણને અનુસુચિત જનજાતિની યાદીમાંથી દૂર કરવા માટે ભારત સરકાર અને અનુસુચિત જનજાતિ આયોગને દરખાસ્ત કરવી. | આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા તા.૧૨–૦૭–૨૦૨૧ના પત્રથી ગીર–બરડા અને આલેચના જંગલોના નેસમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણને અનુસુચિત જનજાતિની યાદીમાંથી દૂર કરવા માટે અનુસુચિત જનજાતિ આયોગ નવી દિલ્હી ખાતે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે તા.૦૨–૦૮–૨૦૨૧ના રોજ અનુસુચિત જનજાતિ આયોગ દ્વારા ભારત સરકારના આદિજાતિ મંત્રાલય દ્વારા કાર્યવાહી |

| | | |
|---|---|---|
| | | કરવાની રહે છે, તેમ જણાવવા આવેલ છે. સદરહુ બાબતે વિભાગના તા. ૧૮–૦૧–૨૦૨૪ના પત્રથી ભારત સરકારના આદિજાતિ મંત્રાલયને વિગતવાર પુન: દરખાસ્ત કરવામાં આવેલ છે. |
| ૩. | પ્રેસીડેન્સીઅલ ઓર્ડર તા.૨૯–૧૦–૧૯૫૬ થી ગીર, બરડા અને આલેચના જંગલના નેસ વિસ્તારમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણને અનુસુચિત જનજાતિનો દરજ્જો આપેલ હતો. પ્રેસીડેન્સીઅલ ઓર્ડરમાં વિસ્તાર આધારિત દરજ્જો મળેલ હતો. આ વિસ્તાર માટે વર્ષ ૨૦૦૫ પેરેન્ટની વ્યાખ્યાના અનુસંધાનમાં ભારત સરકાર પાસેથી ફરીથી માર્ગદર્શન મેળવવું. | ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલયના તા.૦૪/૦૩/૨૦૦૫ ના પત્રથી વર્ષ ૨૦૦૫ માં પેરેન્ટની વ્યાખ્યાના અનુસંધાનમાં ભારત સરકાર તરફથી અગાઉ માર્ગદર્શન મળેલ છે. |
| ૪. | એસ.ટી. માટે જાતિ પ્રમાણપત્ર ઇશ્યુ અને ખરાઇ અધિનિયમ ૨૦૧૮ ના રૂલ્સ આગામી વિધાનસભામાં લાવીને તાત્કાલિક મુકવા. | ગુજરાત અનુસુચિત આદિજાતિ (પ્રમાણપત્ર કાઢી આપવુ અને ખરાઇ કરવાનુ નિયમન કરવા) બાબત નિયમો–૨૦૨૦,<br>તા.૨૨/૦૯/૨૦૨૦ થી ગેઝેટમાં પ્રસિધ્ધ કરેલ છે. |
| ૫. | પ્રેસીડેન્સીઅલ ઓર્ડરમાં સમાવેલ જનજાતિઓ સિવાયની જાતિઓ માટે રાજ્ય સરકારે કરેલ ગેરબંધારણીય | આ ઠરાવ પરિપત્રો બાબતે નામ.ગુજરાત હાઇકોર્ટમાં ૦૩ PIL થયેલ છે. જેમાં સરકારશ્રી દ્વારા |

| | | |
|---|---|---|
| | ઠરાવો અને પરિપત્રો મૂળ અસરથી રદ કરવા અને તેના આધારે આપવામાં આવેલ જનજાતિના પ્રમાણપત્રો પણ રદ કરવા. | તા.૨૪/૦૨/૨૦૨૦ ના રોજ એફીડેવીટ થયેલ છે. જેમાં નામ.હાઇકોર્ટના નિર્ણય આવ્યેથી યોગ્ય કાર્યવાહી થઇ શકશે.<br>(૧) PIL NO – ૨૩૭/૨૦૧૮,<br>(૨) PIL NO – ૧૭૧/૨૦૧૯ |
| ૬. | આદિવાસી સમાજની ત્રણ PIL માં રાજ્ય સરકાર દ્વારા દિન–૭ માં કોર્ટમાં એફીડેવીટ કરવી.<br>(૧) PIL NO - નં–૧૩૨/૨૦૧૮,<br>(૨) PIL NO – ૨૩૭/૨૦૧૮,<br>(૩) PIL NO – ૧૭૧/૨૦૧૯, | નામ. ગુજરાત હાઇકોર્ટમાં આદિવાસી સમાજની ત્રણ PIL માં રાજ્ય સરકાર દ્વારા એફિડેવીટ દાખલ થઇ ગયેલ છે.<br>(૧) PIL NO - નં–૧૩૨/૨૦૧૮ ના કેસમાં તા.૨૪/૦૨/૨૦૨૦ ના રોજ એફીડેવીટ થયેલ છે.<br>(૨) PIL NO – ૨૩૭/૨૦૧૮ ના કેસમાં તા.૦૮/૧૦/૨૦૨૦ ના રોજ એફીડેવીટ થયેલ છે.<br>(૩) PIL NO – ૧૭૧/૨૦૧૯ ના કેસમાં તા.૧૨/૦૩/૨૦૨૦ ના રોજ એફીડેવીટ થયેલ છે. |
| ૭. | ૨૦૧૭માં જી.પી.એસ.સી. દ્વારા ક્લાસ ૧ અને ૨ ના ઉમેદવારોની જાતિ પ્રમાણપત્ર પુન: ચકાસણી અંગેની કાર્યવાહી પૂર્ણ કરી અને કાયદેસરની કાર્યવાહી કરવી. | વર્ષ ૨૦૧૭ માં જી.પી.એસ.સી. દ્વારા વર્ગ–૧ અને વર્ગ–૨ ના જાહેરાત ક્રમાંક– ૦૯/૨૦૧૪–૧૫ અન્વયેના ૨૩ ઉમેદવારો તેમજ જાહેરાત ક્રમાંક–૧૨૧/૨૦૧૬–૧૭ અન્વયેના ૫૦ ઉમેદવારો મળીને કુલ ૭૩ ઉમેદવારોના |

| | | |
|---|---|---|
| | | જાતિ પ્રમાણપત્રોની કરવાની થતી ચકાસણી પૈકી વિશ્લેષણ સમિતિ દ્વારા ચકાસણી કરી ૫૮ ઉમેદવારોના જાતિ પ્રમાણપત્ર માન્ય કરેલ છે. જ્યારે બાકીના ૧૫ ઉમેદવારો પૈકી ૦૩ કોર્ટ કેસ ચાલુ છે, જ્યારે ૧૨ ઉમેદવારો ગીર, બરડા અને આલેચના હોઈ હાલ ચકાસણીની કામગીરી સ્થગિત કરેલ છે. જે શ્રી કારીઆ કમિટીના અહેવાલ અંગે સરકારશ્રી કક્ષાએથી નિર્ણય થયા બાદ ખરાઇ અંગેની કાર્યવાહી કરવામાં આવશે. |
| ૮. | રોસ્ટર અંગેના ક્રમમાં થયેલ ફેરફાર અંગે ભારત સરકારની તા.૩૧-૦૧-૨૦૧૯ સૂચનાઓ વાળા જી.આર.ની જોગવાઇ મુજબ રોસ્ટર ક્રમાંક નક્કી કરવા. | સા.વ.વિ દ્વારા તા. ૨૬-૦૨-૨૦૨૦ના ઠરાવથી ભારત સરકારની સુચનાઓ મુજબ રોસ્ટર ક્રમાંક નક્કી કરવા અંગેની સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. |
| ૯. | વિશ્લેષણ સમિતિના પ્રોસીડીંગમાં વિજિલન્સ સેલનો અભિપ્રાય અને દરેક સભ્યનો અભિપ્રાય કારણો સાથે સમાવેશ કરવો. | વિશ્લેષણ સમિતિઓ દ્વારા જે કેસોની તપાસ વિજીલન્સ સેલને સોપવામાં આવેલ છે તેવા કેસોમાં વિજીલન્સ સેલ દ્વારા રજૂ થયેલ અહેવાલની વિગતો તેમજ સેલનો અભિપ્રાય સમિતિ દ્વારા ધ્યાને લેવામાં આવે છે. તેમજ પ્રોસીડીંગમાં તેની વિગત દર્શાવવામાં આવે છે. |

**પ્રશ્નઃ– (૭) વિશ્લેષણ સમિતિ દ્વારા છેલ્લા બે વર્ષમાં કેટલા વેલેડીટી પ્રમાણપત્રો આપ્યા ? કેટલા નિકાલ થયા ? કેટલા બાકી રહ્યા ? ક્યાં કારણોસર ?**

**જવાબઃ–** વિભાગીય વિશ્લેષણ સમિતિ દ્વારા છેલ્લા બે વર્ષમાં વેલેડીટી પ્રમાણપત્રો આપેલ, નિકાલ કરેલ, બાકી રહેલ કેસો તેમજ પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.

| **વિભાગીય વિશ્લેષણ સમિતિ** | **કુલ મળેલ કેસ** | **નિકાલ કરેલ કેસની સંખ્યા** | | | | **બાકી રહેલ કેસો** | **પડતર કારણો** |
|---|---|---|---|---|---|---|---|
| | | **માન્ય કરેલ સંખ્યા** | **અમાન્ય કરેલ સંખ્યા** | **દફતરે / તબદીલ કરેલ સંખ્યા** | **કુલ નિકાલ કેસ** | | |
| ગાંધીનગર–૨ | ૧૦૬૯ | ૪૧ | ૦ | ૧૨ | ૫૩ | ૧૦૧૬ | ગીર, બરડા, આલેચના રબારી, ભરવાડ, ચારણના કેસોની ખરાઈ હાલ સ્થગિત હોઈ |
| ગાંધીનગર–૧ | ૨૬૦૦ | ૨૧૯૫ | ૫ | ૭૪ | ૨૨૭૪ | ૩૨૪ | પુરાવા બાકી, વિજિલન્સ તપાસ, નોટીસ આપેલ તેમજ પ્રાથમિક ચકાસણીમાં બાકી |
| વડોદરા | ૪૭૬૭ | ૩૩૧૪ | ૦ | ૧૫૧ | ૩૪૬૫ | ૧૩૦૨ | |
| સુરત | ૫૨૪૧ | ૫૦૧૪ | ૦ | ૧૦૦ | ૫૧૧૪ | ૧૨૭ | |
| **કુલ** | **૧૩૬૭૭** | **૧૦૫૬૪** | **૫** | **૩૩૭** | **૧૦૯૦૬** | **૨૭૬૯** | |

**પ્રશ્નઃ-(૮) ગીર, બરડા અને આલેચના વિસ્તાર માટે જાતિ પ્રમાણપત્રની ખરાઇ તેમજ નોકરી અને શૈક્ષણિક પ્રવેશ અંગેના કોઇ કોર્ટ કેસ થયેલ છે કે કેમ ? જો કોર્ટ કેસ થયા હોય તો આવા કેટલા કેસો હાલની તારીખે હાઇકોર્ટ ખાતે કાર્યવાહી અર્થે પડતર છે ?**

**જવાબઃ-** હા.

**(અ) ગીર, બરડા અને આલેચના વિસ્તારના કોર્ટ કેસોની વિગત:**

| કુલ કેસો | હુકમો થયેલ કેસો | પડતર કેસો |
|---|---|---|
| **૧૪૫** | **૧૧૮** | **૨૭** |

**(બ) વિભાગીય વિશ્લેષણ સમિતિઓ પાસે જાતિ પ્રમાણપત્રની ખરાઇના પડતર કેસોની વિગતો:**

| વિભાગીય વિશ્લેષણ સમિતિ | પડતર કેસોની સંખ્યા | | | | | | | પડતર કારણો |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬૦ દિવસ સુધીના | ૬૧ થી ૯૦ દિવસ સુધીના | ૩ માસથી ૬ માસ સુધીના | ૬ માસથી ૧ વર્ષ સુધીના | ૧ વર્ષથી ૨ વર્ષ સુધીના | ૨ વર્ષથી ઉપરના | કુલ | |
| સુરત | ૭૬ | ૦૨ | ૫ | ૯ | ૧૬ | ૧૯ | ૧૨૭ | પુરાવા બાકી, વિજિલન્સ તપાસ, નોટીસ આપેલ તેમજ પ્રાથમિક ચકાસણીમાં બાકી |
| ગાંધીનગર-૧ | ૧૯૪ | ૩૫ | ૨૩ | ૨૮ | ૧૬ | ૨૮ | ૩૨૪ | |
| વડોદરા | ૪૫ | ૩૧ | ૧૨૩ | ૨૫૨ | ૪૧૪ | ૪૩૭ | ૧૩૦૨ | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ગાંધીનગર–૨ | ૧૯ | ૩૦ | ૧૬ | ૭૮ | ૩૧૧ | ૫૬૨ | ૧૦૧૬ | ગીર, બરડા, આલેચના રબારી, ભરવાડ, ચારણના કેસોની ખરાઇ હાલ સ્થગિત હોઇ |
| **કુલ** | **૩૨૪** | **૯૮** | **૧૬૭** | **૩૬૭** | **૭૫૭** | **૧૦૧૬** | **૨૭૬૯** | |

**(ક) જાતિ પ્રમાણપત્ર અંગે નામ.હાઇકોર્ટમાં ચાલુ પડતર કેસોની વિગતો:**

| **ચાલુ કેસોની સંખ્યા** | | | | | | **કુલ** |
|---|---|---|---|---|---|---|
| **વિભાગ કક્ષાએ** | **વડી કચેરી** | **ગાંધીનગર–૧** | **ગાંધીનગર –૨** | **વડોદરા** | **સુરત** | |
| **૦૭** | **૦૬** | **૦૫** | **૨૭** | **૨૬** | **૦૨** | **૭૩** |

**(ડ) નામ.હાઇકોર્ટ દ્રારા કામચલાઉ નિમણૂક માટેના થયેલ શરતી હુકમની વિગતો:**

| **પ્રોવિઝનલ નિમણૂંક આપવા માટે નામ.કોર્ટ દ્વારા હુકમ કરેલ કેસોની સમિતિ વાઇઝ સંખ્યા** | | | | |
|---|---|---|---|---|
| **ગાંધીનગર–૧** | **ગાંધીનગર –૨** | **વડોદરા** | **સુરત** | **કુલ** |
| **૦** | **૧૧૮** | **૦૮** | **૦** | **૧૨૬** |

**(ઇ) જાતિ પ્રમાણપત્ર અંગેના નવા નિયમો–૨૦૨૦ અમલમાં આવ્યા પછી અપાયેલ જાતિ પ્રમાણપત્રોની વર્ષવાર સંખ્યાની વિગતો:**

| **વર્ષ** | **મળેલ અરજીઓની સંખ્યા** | **નિકાલ કરેલ અરજીઓની સંખ્યા** | **રદ કરેલ અરજીઓની સંખ્યા** |
|---|---:|---:|---:|
| ૨૦૨૦–૨૧ | ૧૭૩૧૨૪ | ૧૭૧૨૮૯ | ૧૮૩૫ |
| ૨૦૨૧–૨૨ | ૧૯૪૧૮૯ | ૧૯૧૭૫૨ | ૨૪૩૭ |
| ૨૦૨૨–૨૩ | ૧૮૮૯૮૧ | ૧૮૭૨૩૨ | ૧૭૪૯ |
| ૨૦૨૩–૨૪ (તા.૨૬–૦૨–૨૦૨૪ અંતિત) | ૨૩૪૫૫૩ | ૨૨૮૫૬૭ | ૫૯૮૬ |
| **કુલ** | **૭૯૦૮૪૭** | **૭૭૮૮૪૦** | **૧૨૦૦૭** |

# જાતિ પ્રમાણપત્ર ઈસ્યુ કર્યા અંગેની માહિતી : વર્ષ ૨૦૨૦-૨૧

| Sr. No. | District | Received | Disposed | Cancelled |
|---|---|---|---|---|
| 1 | કચ્છ | 161 | 129 | 32 |
| 2 | બનાસકાંઠા | 4167 | 4076 | 91 |
| 3 | પાટણ | 285 | 274 | 11 |
| 4 | મહેસાણા | 136 | 122 | 14 |
| 5 | સાબરકાંઠા | 8808 | 8684 | 124 |
| 6 | ગાંધીનગર | 122 | 113 | 9 |
| 7 | અમદાવાદ | 361 | 350 | 11 |
| 8 | સુરેન્દ્રનગર | 868 | 851 | 17 |
| 9 | રાજકોટ | 83 | 74 | 9 |
| 10 | જામનગર | 52 | 46 | 6 |
| 11 | પોરબંદર | 1 | 0 | 1 |
| 12 | જૂનાગઢ | 37 | 32 | 5 |
| 13 | અમરેલી | 50 | 49 | 1 |
| 14 | ભાવનગર | 107 | 91 | 16 |
| 15 | આણંદ | 147 | 139 | 8 |
| 16 | ખેડા | 377 | 331 | 46 |
| 17 | પંચમહાલ | 5376 | 5366 | 10 |
| 18 | દાહોદ | 37728 | 37543 | 185 |
| 19 | વડોદરા | 1767 | 1709 | 58 |
| 20 | નર્મદા | 21766 | 21612 | 154 |
| 21 | ભરૂચ | 7199 | 7099 | 100 |
| 22 | સુરત | 8903 | 8818 | 85 |
| 23 | ડાંગ | 2532 | 2526 | 6 |
| 24 | નવસારી | 11814 | 11679 | 135 |
| 25 | વલસાડ | 18464 | 18168 | 296 |
| 26 | તાપી | 9016 | 8942 | 74 |
| 27 | દેવભુમિ દ્વારકા | 21 | 13 | 8 |
| 28 | મોરબી | 66 | 47 | 19 |
| 29 | ગીર સોમનાથ | 93 | 87 | 6 |
| 30 | બોટાદ | 17 | 14 | 3 |

| | | | | |
|---|---|---|---|---|
| **31** | અરવલ્લી | 7134 | 7066 | 68 |
| **32** | મહિસાગર | 4684 | 4675 | 9 |
| **33** | છોટા ઉદેપુર | 20782 | 20564 | 218 |
| **કુલ** | | **173124** | **171289** | **1835** |

## જાતિ પ્રમાણપત્ર ઈસ્યુ કર્યા અંગેની માહિતી : વર્ષ ૨૦૨૧-૨૨

| Sr. No. | District | Received | Disposed | Cancelled |
|---|---|---|---|---|
| 1 | કચ્છ | 258 | 209 | 49 |
| 2 | બનાસકાંઠા | 4783 | 4662 | 121 |
| 3 | પાટણ | 380 | 355 | 25 |
| 4 | મહેસાણા | 124 | 106 | 18 |
| 5 | સાબરકાંઠા | 8144 | 8051 | 93 |
| 6 | ગાંધીનગર | 172 | 160 | 12 |
| 7 | અમદાવાદ | 606 | 577 | 29 |
| 8 | સુરેન્દ્રનગર | 658 | 629 | 29 |
| 9 | રાજકોટ | 111 | 98 | 13 |
| 10 | જામનગર | 83 | 75 | 8 |
| 11 | પોરબંદર | 5 | 1 | 4 |
| 12 | જૂનાગઢ | 51 | 43 | 8 |
| 13 | અમરેલી | 53 | 51 | 2 |
| 14 | ભાવનગર | 81 | 72 | 9 |
| 15 | આણંદ | 299 | 272 | 27 |
| 16 | ખેડા | 501 | 453 | 48 |
| 17 | પંચમહાલ | 8316 | 8310 | 6 |
| 18 | દાહોદ | 44742 | 44467 | 275 |
| 19 | વડોદરા | 3232 | 3135 | 97 |
| 20 | નર્મદા | 14043 | 13900 | 143 |
| 21 | ભરૂચ | 10530 | 10435 | 95 |
| 22 | સુરત | 15308 | 15134 | 174 |
| 23 | ડાંગ | 3714 | 3683 | 31 |
| 24 | નવસારી | 13353 | 13183 | 170 |
| 25 | વલસાડ | 17175 | 16761 | 414 |
| 26 | તાપી | 12186 | 12080 | 106 |
| 27 | દેવભુમિ દ્વારકા | 25 | 16 | 9 |

| | | | | |
|---|---|---|---|---|
| **28** | મોરબી | 55 | 42 | 13 |
| **29** | ગીર સોમનાથ | 186 | 166 | 20 |
| **30** | બોટાદ | 24 | 18 | 6 |
| **31** | અરવલ્લી | 8463 | 8387 | 76 |
| **32** | મહિસાગર | 6077 | 6072 | 5 |
| **33** | છોટા ઉદેપુર | 20451 | 20149 | 302 |
| **કુલ** | | **194189** | **191752** | **2437** |

## જાતિ પ્રમાણપત્ર ઈસ્યુ કર્યા અંગેની માહિતી : વર્ષ ૨૦૨૨-૨૩

| Sr. No. | District | Received | Disposed | Cancelled |
|---|---|---|---|---|
| 1 | કચ્છ | 101 | 89 | 12 |
| 2 | બનાસકાંઠા | 3623 | 3591 | 32 |
| 3 | પાટણ | 365 | 344 | 21 |
| 4 | મહેસાણા | 137 | 126 | 11 |
| 5 | સાબરકાંઠા | 7524 | 7460 | 64 |
| 6 | ગાંધીનગર | 93 | 77 | 16 |
| 7 | અમદાવાદ | 851 | 827 | 24 |
| 8 | સુરેન્દ્રનગર | 934 | 921 | 13 |
| 9 | રાજકોટ | 154 | 147 | 7 |
| 10 | જામનગર | 84 | 75 | 9 |
| 11 | પોરબંદર | 2 | 0 | 2 |
| 12 | જૂનાગઢ | 16 | 16 | 0 |
| 13 | અમરેલી | 22 | 21 | 1 |
| 14 | ભાવનગર | 66 | 61 | 5 |
| 15 | આણંદ | 300 | 294 | 6 |
| 16 | ખેડા | 420 | 402 | 18 |
| 17 | પંચમહાલ | 6901 | 6876 | 25 |
| 18 | દાહોદ | 42944 | 42697 | 247 |
| 19 | વડોદરા | 2781 | 2725 | 56 |
| 20 | નર્મદા | 10737 | 10623 | 114 |
| 21 | ભરૂચ | 7258 | 7167 | 91 |
| 22 | સુરત | 13715 | 13619 | 96 |
| 23 | ડાંગ | 4833 | 4807 | 26 |
| 24 | નવસારી | 16331 | 16190 | 141 |
| 25 | વલસાડ | 22907 | 22605 | 302 |
| 26 | તાપી | 11491 | 11423 | 68 |
| 27 | દેવભુમિ દ્વારકા | 13 | 11 | 2 |

| | | | | |
|---|---|---|---|---|
| **28** | મોરબી | 22 | 17 | 5 |
| **29** | ગીર સોમનાથ | 160 | 160 | 0 |
| **30** | બોટાદ | 3 | 2 | 1 |
| **31** | અરવલ્લી | 8255 | 8196 | 59 |
| **32** | મહિસાગર | 5394 | 5389 | 5 |
| **33** | છોટા ઉદેપુર | 20544 | 20274 | 270 |
| **કુલ** | | **188981** | **187232** | **1749** |

# જાતિ પ્રમાણપત્ર ઈસ્યુ કર્યા અંગેની માહિતી : વર્ષ ૨૦૨૩-૨૪

| Sr. No. | District | Received | Disposed | Cancelled |
|---|---|---|---|---|
| 1 | કચ્છ | 126 | 117 | 9 |
| 2 | બનાસકાંઠા | 4885 | 4754 | 131 |
| 3 | પાટણ | 402 | 390 | 12 |
| 4 | મહેસાણા | 76 | 66 | 10 |
| 5 | સાબરકાંઠા | 11126 | 10710 | 416 |
| 6 | ગાંધીનગર | 72 | 65 | 7 |
| 7 | અમદાવાદ | 760 | 746 | 14 |
| 8 | સુરેન્દ્રનગર | 1275 | 1141 | 134 |
| 9 | રાજકોટ | 126 | 120 | 6 |
| 10 | જામનગર | 174 | 168 | 6 |
| 11 | પોરબંદર | 3 | 3 | 0 |
| 12 | જૂનાગઢ | 80 | 76 | 4 |
| 13 | અમરેલી | 71 | 70 | 1 |
| 14 | ભાવનગર | 144 | 137 | 7 |
| 15 | આણંદ | 234 | 224 | 10 |
| 16 | ખેડા | 352 | 325 | 27 |
| 17 | પંચમહાલ | 6843 | 6763 | 80 |
| 18 | દાહોદ | 48617 | 48314 | 303 |
| 19 | વડોદરા | 2900 | 2815 | 85 |
| 20 | નર્મદા | 13815 | 13329 | 486 |
| 21 | ભરૂચ | 8793 | 8607 | 186 |
| 22 | સુરત | 28655 | 28314 | 341 |
| 23 | ડાંગ | 6895 | 6467 | 428 |
| 24 | નવસારી | 17931 | 17138 | 793 |
| 25 | વલસાડ | 33961 | 32956 | 1005 |
| 26 | તાપી | 13048 | 12753 | 295 |
| 27 | દેવભુમિ દ્વારકા | 58 | 53 | 5 |

| | | | | |
|---|---|---|---|---|
| **28** | મોરબી | 56 | 46 | 10 |
| **29** | ગીર સોમનાથ | 190 | 184 | 6 |
| **30** | બોટાદ | 5 | 4 | 1 |
| **31** | અરવલ્લી | 8540 | 8473 | 67 |
| **32** | મહિસાગર | 6194 | 6193 | 1 |
| **33** | છોટા ઉદેપુર | 18146 | 17046 | 1100 |
| | **કુલ** | **234553** | **228567** | **5986** |

**પ્રશ્નઃ-(૯) શ્રી કારીયા કમિટી દ્વારા તેઓની સર્વેક્ષણ અને તપાસની કામગીરીમાં કેવા પ્રકારના / ક્યાં ક્યાં પુરાવાઓ ધ્યાને લેવામાં આવેલ છે ?**

**જવાબઃ-** શ્રી કારીયા કમિટી દ્વારા તેઓની સર્વેક્ષણ અને તપાસની કામગીરીમાં વર્ષ ૧૯૫૧ થી ૧૯૫૬ સુધીની મતદાર યાદીઓ, જે તે સમયના વસ્તી ગણતરી પત્રકો, ૧૯૪૭ થી ૧૯૫૬ સુધીની જંગલ ખાતાના રેકર્ડ સાથે ખરાઇ થયેલ અને નાંણા જમા થયેલ હોય તેવી મસવાડીની પહોંચો, ૧૯૫૬ પહેલાના જન્મ-મરણના રજીસ્ટરો તેમજ રજુ થયેલ અન્ય મહેસુલી પુરાવાઓ ધ્યાને લેવામાં આવેલ છે.

**અગ્રતાક્રમઃ– (૦૨)**

**(૧) ડૉ. જયરામ ગામીત (નિઝર)**
**(૨) ડૉ. દર્શનાબેન દેશમુખ (નાંદોદ)**
**(૩) શ્રી અરવિંદભાઈ સી. પટેલ (ધરમપુર)**